તેઓ મોંગોલિયા ગયા. ત્યાં તિબેટના લામાઓ સાથે રહ્યા, આ બધા સમય દરમિયાન તેમણે માનવના ‘પૃથ્વી ઉપરના જીવનનો હેતુ’ શોધવાનો પ્રયાસ કર્યો. આ સમય દરમિયાન તેમને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના અસ્તિત્વ વિષે જાણ થઈ ગઈ હતી, અને તેઓ શ્રી અરવિન્દનાં કેટલાંક લખાણો પણ જોઈ ગયા હતા. કાતિલ શિયાળા પછી તેમને મોંગોલિયા છોડ્યું. મિત્રો-પરિવારજનોને જણાવ્યું કે, “હું ભારતના રસ્તે યુરોપ પાછો ફરું છું.” પરંતુ આંતરમાં તેમને શ્રદ્ધા હતી કે તેમનું સુનિશ્ચિત ભાવિ ભારતમાં જ છે.

૧૯૨૫ ના અંતમાં શ્રીલંકાના માર્ગે તેઓ પોંડિચેરી આવી પહોંચ્યા. હોટલમાં ઉતારો કરીને સીધા આશ્રમ ગયા, અને પૂછ્યું “શું હું શ્રી અરવિન્દને મળી શકું? શ્રી અરવિન્દે મારી વિનંતી માન્ય રાખી. મેં તેઓને મારી સ્થિતિ વિષે જણાવ્યું.” તે દિવસે પવિત્રએ તેમનું હૈયું શ્રી અરવિન્દ સમક્ષ ખાલી કર્યું. શ્રી અરવિન્દે તેમને બીજા દિવસે ફરી આવવા જણાવ્યું. પવિત્ર બીજા દિવસે ફરી તેમને મળવા ગયા. તે દિવસે શ્રી અરવિન્દે તેમની સાધના પદ્ધતિ અને તેનું ધ્યેય તેમને વિશદતાપૂર્વક સમજાવ્યું અને કહ્યું, “ભલે, તમે પણ જો ઈચ્છો તો પ્રયાસ કરી શકો છો, તમે અહીં રહી શકો છો. ”

“હું તેમના ચરણોમાં પડી ગયો. તેમણે મને આશીર્વાદ આપ્યા... મારી શોધ સમાપ્ત થઈ... મને શ્રી અરવિન્દ મળ્યા...મને મારા ગુરુ મળ્યા...”

*

તા. ૨૪ ની નવે, ૧૯૨૬ના દિવસે સિદ્ધિદિને હાજર રહેલા ચોવીસ શિષ્યોમાં પવિત્ર પણ હતા. પવિત્ર એ, ૧૬ મે, ૧૯૬૯ના દિવસે પોતાનો દેહ છોડ્યો.
– ૮.૮.૧૯૬૪ ના રોજ આશ્રમ શાળામાં પવિત્રએ આપેલા વાર્તાલાપમાંથી સંકલિત.

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN’87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2026**
**JULY**
**૧ જુલાઈ, ૨૦૨૬**

## Discovery…
## આવિષ્કાર…

This world is a beginning and a base
Where Life and Mind erect their structured dreams;
An unborn Power must build reality.
A deathbound littleness is not all we are:
Immortal our forgotten vastnesses
Await discovery in our summit selves;
Unmeasured breadths and depths of being are ours.

‘SAVITRI’ – P. 46 — **Sri Aurobindo**

*

છે આ જગત પ્રારંભ અને પાયો, પ્રાણને મન જે સ્થળે
ઇમારતો કરે ઊભી પોતાનાં સપનાંતણી;
અજન્મા શક્તિએ એક કરવું પડશે તહીં નિર્માણ સત્યતાતણું.
આપણે જે છીએ તે સૌ નથી માત્ર મૃત્યુએ બદ્ધ ક્ષુદ્રતા:
મૃત્યુમુક્ત ભુલાયેલા ભાવો વિરાટ આપણા
શૃંગોમાં આત્મના વાટ આવિષ્કારતણી જુએ;
સત્-તાના વણમાપેલા વિસ્તારો ને ઊંડાણો આપણાં જ છે.

‘સાવિત્રી’ — **શ્રી અરવિન્દ**
અનુ. પૂજાલાલ - પૃ. ૭૨.

## PAVITRA.

A Frenchman Philippe Barbier Saint Hilaire, to whom Sri Aurobindo gave the name 'Pavitra' (Pure one). He was born in Paris on 16th Janu,1894. He was just twenty when First World War broke out, in 1914. He was called up for duty in the army. During the war time whenever he had free time, he read books. He found interest in so-called Psychic Phenomena. He read sacred books of India translated by Theosophists. When he found out about reincarnation and Karma, they seemed quite-natural to him. With these ideas from India, he entered in new phase of aspiration for spiritual Perfection. "I had the flu exactly at the time of Armistice – that is, in Nov. 1918… that day, I can say, was the decisive day of my life. In the field hospital at the front, under the tents where I was, the sick were dying. Each morning three or four were dead. Well, I clearly remember the very strong idea that took away all fear of death from me: it was giving, giving myself so that my spiritual destiny might be fulfilled. Whatever it might be, with the offering of my life, truly, sincerely, if I was supposed to die. And if I was supposed to live, well, consecration to the Divine."

After war he finished his studies, and he was appointed as an engineer in Paris. His job did not interest him much. "In 1920 I made the decision to give up that life and devote myself to the search for my spiritual teacher, my guru." He gave up his parents – family who were against his decision. He left for Japan with his friends in 1920. He lived in Japan for four years studying Japanese, Chinese, Indian spirituality. When chance came he went to Mongolia in 1924, lived with Tibetan Lamas in search of 'The purpose of his life on earth.' By this time he knew the existence of Sri Aurobindo and The Mother through mutual friends; and had also gone through some works of Sri Aurobindo. After winter he left Mongolia and said to family and friends "I am returning to Europe by way of India." But within himself he knew that he would find his destiny in India.

At the end of 1925, he came to Pondicherry via ceylone. He putup at hotel and immediately went to the Ashram and asked, "If I could meet Sri Aurobindo… He agreed to see me. I explained my position to him." That day Pavitra emptied himself before Sri Aurobindo. Sri Aurobindo asked him to come again next day. He went next day. After Sri Aurobindo had given the idea and the aim of Sadhna there, Sri Aurobindo said to him, "Well, if you want to try, you may stay."

"I fell at his feet. He gave me his blessing and it was over… I had found Sri Aurobindo, I had found my guru."

He was one of the Twenty four who were present there on 24th Nov, 1926, The Siddhi day of Sri Aurobindo. Pavitra left his body on 16th May, 1969.

– Compiled From a talk by Pavitra on 8.8.1964 to students of the Ashram School

## પવિત્ર.

એક ફ્રેન્ચ સાધક, શ્રી ફિલિપ બાર્બિઅર સેઇન્ટ હિલેરી, જેમને શ્રી અરવિન્દે નામ આપ્યું હતું 'પવિત્ર'. પવિત્રનો જન્મ તા. ૧૬ જાન્યુ, ૧૮૯૪ ના રોજ પેરિસમાં થયો હતો. ૧૯૧૪માં તેઓ જયારે માત્ર વીશ વર્ષના હતા ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તેમને તાત્કાલિક લશ્કરી સેવા માટે બોલાવી લેવામાં આવ્યા. યુદ્ધના દિવસોમાં તેમને જયારે પણ સમય મળતો ત્યારે તેઓ પુસ્તકો વાંચતા. આ વાંચન દરમિયાન તેમને અતીન્દ્રિય ઘટનાઓમાં રસ પડવા માંડ્યો. તેમણે ભારતના પવિત્ર ગ્રંથો વાંચ્યા જેનો અનુવાદ થિયોસોફી સાથે સંકળાયેલા વિદ્વાનોએ કર્યો હતો. જયારે તેમણે પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતો વિષે જાણ્યું ત્યારે તેમને તે તદ્દન સ્વાભાવિક લાગ્યું. આ ભારતીય વિચારોએ તેમના જીવનની દિશા બદલી અને તેઓ જીવનના એક નવા જ તબક્કામાં પ્રવેશ્યા. તેમના અંતરમાં આધ્યાત્મિક પૂર્ણતા માટે અભીપ્સા જાગી. દરમિયાન વિશ્વમાં ફ્લ્યુની મહામારી ફેલાઈ રહી હતી. "નવે. ૧૯૧૮ માં શસ્ત્ર વિરામની ઘોષણા થઈ ગઈ હતી ત્યારે જ હું ફ્લ્યુના સકંજામાં સપડાયો. તે દિવસ મારા જીવનનો નિર્ણાયક દિવસ હતો. યુદ્ધના મોરચે, તંબુઓમાં સારવાર આપતી હોસ્પિટલમાં મારી સારવાર થઈ રહી હતી, જ્યાં રોજના ત્રણ-ચાર દર્દીઓ મરતા. મને બરાબર યાદ છે કે એક મક્કમ વિચારે મારામાંથી મૃત્યુના ભયને દૂર કરી દીધો. તે વિચાર હતો, સમર્પણ ... મારી જાતનું સાચું, સંનિષ્ઠ સમર્પણ જેથી મારુ આધ્યાત્મિક ભાવિ સાર્થક બને. પરિણામ જે હોય તે, જો મારે મૃત્યુ જ પામવાનું હોય તો મારી જાતને સાચે સાચ, નિષ્ઠાપૂર્વક હું મૃત્યુને સમર્પી દઈશ, અને જો મારે જીવવાનું હોય તો તે જીવન મારા માટે પ્રભુને સમર્પિત જીવન હશે."

... યુદ્ધ પછી તેમણે તેમનો અધૂરો અભ્યાસ પૂર્ણ કર્યો. તેમની નિમણુંક એક એન્જિનીયર તરીકે પેરિસમાં થઈ. પણ આ પ્રકારના જીવનમાં તેમને રસ ના પડ્યો... ૧૯૨૦ માં તેમણે તે જીવન છોડવાનો અને આધ્યાત્મિક ગુરુની શોધમાં જીવન વ્યતિત કરવાનો નિર્ણય કર્યો. ૧૯૨૦ માં કેટલાક મિત્રો સાથે તેમણે જાપાન તરફ પ્રયાણ કર્યું. જાપાનમાં તેમણે ચાર વર્ષ વિતાવ્યાઁ, જે દરમિયાન જાપાની, ચાઇનીસ અને ભારતીય અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૧૯૨૪માં તક મળતાં